# કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી

કચ્છ યુનિવર્સિટી કાર્યાલય
મુન્દ્રા રોડ, ભુજ.
રેફ.નં. ક.યુ./પરિપત્ર/૨૦૨૬-૨૭/૧૧૯૦
તા. ૨૧-૧૦-૨૦૨૬

પરિપત્ર ક્રમાંક :- 190/2026-27

**વિષય: LL.M. અભ્યાસક્રમના પરિણામ (Result) તથા ગુણપત્રક (Marksheet)માં સ્પેશિયલાઇઝેશનના ઉલ્લેખ અંગે**

કચ્છ યુનિવર્સિટીના ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી LL.M. અભ્યાસક્રમ અંતર્ગત **Criminal Law Specialization** તથા **Business Law Specialization** શરૂ કરવામાં આવેલ છે. યુનિવર્સિટીના બોર્ડ ઓફ ડીન્સની તા. ૧૭-૧૦-૨૦૨૬ના રોજ મળેલ બેઠકમાં ચર્ચા-વિચારણાના અંતે વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડમાં તેઓએ પસંદ કરેલ સ્પેશિયલાઇઝેશનની વિગતો સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થાય તે હેતુથી સર્વાનુમતે નીચે મુજબની કાર્યવાહી કરવા અંગે નિર્ણય લેવામાં આવેલ છે.

૧. LL.M. અભ્યાસક્રમના Criminal Law Specialization અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં પરિણામ (Result) તથા ગુણપત્રક (Marksheet)માં **"LL.M. (Criminal Law Group)"** એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.
૨. LL.M. અભ્યાસક્રમના Business Law Specialization અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં પરિણામ (Result) તથા ગુણપત્રક (Marksheet)માં **"LL.M. (Business Law Group)"** એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.
૩. ઉપરોક્ત જોગવાઈનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી સંબંધિત વિદ્યાર્થીઓને લાગુ પડે તે રીતે કરવાનો રહેશે.
૪. પરીક્ષા વિભાગે કાયદા વિભાગના સહયોગથી સંબંધિત વિદ્યાર્થીઓની સ્પેશિયલાઇઝેશન મુજબની વિગતોની ચકાસણી કરી, પરિણામ તથા ગુણપત્રકમાં એકરૂપતા અને ચોકસાઈ જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
૫. આ પરિપત્રનો અમલ સક્ષમ સત્તાધિકારીની મંજૂરી તથા યુનિવર્સિટીના લાગુ પડતા નિયમો અને અધિનિયમોની જોગવાઈઓને આધીન રહેશે.

આ પરિપત્રનો અમલ યુનિવર્સિટીના સંબંધિત વિભાગો તથા સંલગ્ન કોલેજોએ ચુસ્તપણે કરવાનો રહેશે.

21/10/26
કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી, ભુજ

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
BHUJ - Kachchh
370001

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે-

(૧) માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ સવિનય જાણ અર્થે.
(૨) ડીનશ્રી, કાયદા વિદ્યાશાખા, કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ તરફ.
(3) અધ્યક્ષશ્રી, સંબંધિત અનુસ્નાતક ભવનો, કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી તરફ.
(3) આચાર્યશ્રી, સંબંધિત કોલેજ તરફ.
(૪) પરીક્ષા નિયામકશ્રી, કાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ તરફ.
(૫) સીસ્ટમ એન્જિનિયરશ્રી, કાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ તરફ.
(૬) પરિપત્ર ફાઇલ.